# શાકભાજીનો દૂરદર્શન કાર્યક્રમ



રજાનો દિવસ હતો. ચંદુ ઘરમાં બેઠો હતો. એના ભાઇબંધો એની સાથે રમવા માટે આવ્યા હતા. ચંગુ હતો, મંગુ હતો, નંદુ હતો, ઢબી હતી, છબી હતી, બબી હતી અને ઝબી હતી. બધાં બેઠાં હતાં. મમ્મીહએ બધાંને શીંગની ચીકી આપી હતી તે ખાતાં હતાં. એટલામાં ઢબીએ કહ્યું - ચાલો, ટી.વી. જોઇએ. બધાંએ કહ્યું, ચાલો ટી.વી. જોઇએ. તરત ઢબી ઊઠી અને ટી.વી. ચાલુ કરી આવી.

ટી.વી. ઉપર નવી નવાઇનો કાર્યક્રમ આવતો હતો. એ હતો શાકભાજીનો વેશભૂષા કાર્યક્રમ.

સામે હતાં કાકડીબહેન. કાકડીએ લીલા રંગની સાડી પહેરી હતી. લાંબી ચાલે આમ જાય તેમ જાય. ઘડીકમાં આડી પડે. ઘડીકમાં ઊભી થાય. કૂદકા મારે અને પોતાનો પરિચય આપે.

હું છું કાકડી લાંબી લાંબી
ક્યારેક પાતળી ક્યારેક જાડી
ઠંડી ઠંડી મીઠી મીઠી
મને મીઠા સાથે ખાઓ
મને મરી સાથે ખાઓ
મને મરી સાથે ખાઓ
ક્યારેક કરો કચુંબર
ક્યારેક કરો રાયતું
હું તો આપું સહુને ઠંડક
ખાતાં થાય ઠંડક ઠંડક.

એમ ગાતાં ગાતાં કાકડીબહેન ઠુમક ઠુમક ચાલ્યાં ગયાં . પ્રેક્ષકોએ એમને તાળીઓ પાડી વધાવી લીધાં.

સંકલન : સંસ્કાર સુધા